# સાંસદ પૂનમબેન માડમના પ્રયાસોથી ઉદ્યોગકારોના પ્રશ્નો અંગે કેન્દ્રિય ઉદ્યોગમંત્રી સમક્ષ રૂબરૂ રજૂઆત



જામનગર તા. ૪: જામનગર તથા સમગ્ર ગુજરાતના સ્પીનીંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા એકમો કે જેઓએ સરકારની ટેક્સટાઈલ પોલિસી અંતર્ગત જી.એસ.ટી.ના અમલ પહેલા ઈ.પી.જી.સી. સ્કીમ હેઠળ ભારત બહારથી ડ્યુટી ફ્રી મશીનરી આયાત કરતા હતાં, પરંતુ તા. ૧.૭.૨૦૧૭ થી જી.એસ.ટી.નો અમલ શરૂ થતા સ્પીનીંગ ઉદ્યોગકારો તરફથી આયાત કરેલ મશીનરી ઉપર રીવર્સ ચાર્જથી આઈ.જી.એસ.ટી. હરેલ હતો. આ નિયમ તા. ૧.૭.૨૦૧૭ થી તા. ૧૨.૧૦.૨૦૧૭ સુધી અમલમાં હતો. ત્યારપછી ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) ના નોટીફિકેશન અનુસાર તા. ૧૩.૧૦.૨૦૧૭થી આયાતી મશીનરી ફરીથી ડ્યુટી ફ્રી જાહેર કરવામાં આવી હતી. આથી તા. ૧.૭.૨૦૧૭ થી ૧૨.૧૦૨૦૧૭ સુધી આવેલ મશીનરી ઉપર સમગ્ર ગુજરાતના સ્પીનીંગ ઉદ્યોગકારોએ અંદાજે રૂપિયા ૬૧ કરોડ જેટલો આઈ.જી.એસ.ટી. ભરવો પડ્યો હતો.

આ અંગે સ્પીનીંગ એસોસિએશન દ્વારા જામનગર ચેમ્બર ઓફ કોમર્સનો સ્પીનીંગ ઉદ્યોગકારોએ ભરેલ આઈ.જી.એસ.ટી.નું રીફન્ડ મેળવવા રજૂઆત કરી હતી. ઉપરોક્ત હકીકતો ધ્યાને લઈ જામનગર ચેમ્બર દ્વારા જામનગરના સંદસભ્ય પૂનમબેન માડમને સમગ્ર બાબતથી વાકેફ કરી આ સમસ્યાનું નિરાકરણ લાવવા રજૂઆત કરી હતી. આ અંગે સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ દ્વારા નવી દિલ્હીમાં સ્પીનીંગ એસોસિએશનના પ્રતિનિધિઓ તથા જામનગર ચેમ્બરની સેન્ટ્રલ જી.એસ.ટી. પેનલના ચેરમેન ભરતભાઈ ઓઝાને સાથે રાખી ભારત સરકારના ઉદ્યોગ અને વાણીજ્ય મંત્રી પીયુષ ગોયલની રૂબરૂ મુલાકાત લઈ સમગ્ર હકીકત જણાવી હતી. આ તકે મંત્રી પીયુષ ગોયલે આ બાબત સ્વીકારી અને આના રીફન્ડના નિરાકરણ માટે ભારત સરકારના રેવન્યુ સેક્રેટરીની મુલાકાત કરાવી આ મુદ્દે ઘટતું કરવા જણાવ્યું હતું. આ તકે સંસદભ્ય પૂનમબેન માડમે જો આ પ્રશ્નનું નિરાકણ નહીં આવે તો તેઓ ભારત સરકારના નાણામંત્રી નિર્મલાબેન સિતારમણને પણ રજુઆત કરવા ખાત્રી આપી હતી. આમ જામનગર ચેમ્બરની રજૂઆત તથા સંસદસભ્ય પૂનમબેન માડમના પ્રયાસોથી સ્પીનીંગ ઉદ્યોગકારોના રોકાયેલા આઈ.જી.એસ.ટી.ના રીફન્ડના પ્રશ્નનું નિરાકરણ આવશે તેવી આશા જાગી છે.